અનુ.જાતિના મેડીકલ ડીગ્રી (એમ.બી.બી.એસ., બી.એસ.સી.એમ., બી.ઈ.એમ.એસ. અને બી.ડી.એસ.(૩-૮૯)) મેળવેલ ડોકટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા તથા અનુ. જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન-સહાયની યોજના.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સા.ક.પ્રભાગ),
ઠરાવ ક્રમાંક:એસસી ડબલ્યુ/૧૦૮૭/મ.બા.૩૦/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૩૧/૩/૮૮

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૭/૮૦ નો ઠરાવ ક્રમાંક:એસસી ડબલ્યુ/૧૨૮૦/૧૦૨/જ

(૨) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૭/૮૦ નો ઠરાવ ક્રમાંક:એસસી ડબલ્યુ/૧૧૭૯/૪૯૬૭૭/જ

(૩) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯/૩/૮૯ નો ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૮૯/૪૭૧૪/જ

(૪) સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૯/૩/૮૯ નો ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ

ઠ રા વ :-

અનુ.જાતિના તબીબી ડીગ્રી (એમ.બી.બી.એસ., બી.એસ.એ.એમ., બી.એ.એમ.એસ.(આયુર્વેદ) અને બી.ડી.એસ.(૩-૮૯)) મેળવેલ વિદ્યાર્થીઓને ડોકટરનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે આ વિભાગના તા.૨૯/૩/૮૯ ના ઠરાવ ક્રમાંક:એસસી ડબલ્યુ/૧૦૮૮/૪૭૧૪/જ મા જણાવ્યા પ્રમાણે રૂા.૨૫,૦૦૦/- સહાય અને રૂા.૨૫૦૦/- વ્યાજ મુકત લોન ચાપવામાં આવે છે તેમજ અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય કરવા માટે રૂા.૫૦૦૦/- સહાય અને રૂા.૫૦૦૦/- વ્યાજ મુકત લોન ચાપવામાં આવે છે. અનુસૂચિત જાતિના

...૨...

તબીબી સ્નાતકો તથા કાયદાના સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે હાલ આપવામાં આવતી નાણાંકીય સહાયમાં વધારો કરવાની બાબત તથા લાભાર્થીની આવક મર્યાદા માં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, પ્રસ્તુત વિચારણાના અંતે સરકારશ્રીએ અનુ.જાતિના તબીબી સ્નાતકો તથા કાયદાના સ્નાતકોને નીચે જણાવ્યા પ્રમાણે લોન-સહાય આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તબીબી સ્નાતકો — રૂ.૨૫,૦૦૦/-સહાય, યથાવત
રૂ.૪૦,૦૦૦/- લોન ૪% વાર્ષિક વ્યાજના દરે

(૨) કાયદાના સ્નાતકો — રૂ. ૫૦૦૦/-સહાય યથાવત
રૂ. ૭,૦૦૦/-લોન ૪% વાર્ષિક વ્યાજના દરે

આ સુધારેલ લોન-સહાયના દર તા.૧-૪-૯૮ થી લાગુ પાડવાના રહેશે.

આ યોજનાની શરતો અને નિયમો અગાઉના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે યથાવત રહેશે પરંતુ હાલની વાર્ષિક રૂ. ૪૮,૦૦૦/- ની આવક મર્યાદામાં વધારો કરીને આ યોજનાનો લાભ અરજદાર કે અરજદારના માં-બાપ/વાલી સહિત કુંટુબના તમામ સાધનોની કુલ વાર્ષિક આવક રૂ. ૨૪૦૦૦/- કરતાં વધુ ન હોય તેવી વ્યકિતઓને આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવે છે.

આ યોજના માટે ચાલુ વર્ષના બેંદાજ પત્રમાં કરવામાં આવેલ સહાય માટેની રૂ. ૫.૦૦ લાખ અને લોન માટેની રૂ. ૫.૦૦ લાખ ની જોગવાઇ નો ખર્ચ કરવાની માંથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ ખર્ચનો ખર્ચની ચેઇન જણાવેલ ગ્રાન્ટ હેઠળ થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

૧) સહાય માટે

૨૨૨૫, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ-૧૦૨ આર્થિક વિકાસ-બીસીકે-૨૬ અનુ.જાતિ- માટે ખાસ અંગભૂત યોજના કાયદા અને તબીબી સ્નાતકોને નાણાંકીય સહાય

(૨) લોનમાટે

૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિતજનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ ૧૯૭, સ્વૈચ્છિક સંસ્થાઓને લોન-બીસીકે-૨૬ અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજના -કાયદા અને તબીબી સ્નાતકોને લોન સહાય.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગના
તા.૩૧-૩-૯૯ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ટી.એ.ગજ્જર)
સેકશન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ.

પ્રતિ,
મંત્રીશ્રી (સા.ક.) ના ખાનગી સચિવશ્રી,
નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત રાજ્ય અમદાવાદ/રાજકોટ
પેમેન્ટ એકાઉન્ટન્ટ ઓફિસર, ગાંધીનગર.
સર્વે જિલ્લા પંચાયત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત)
નાણાં વિભાગ સચિવાલય, ગાંધીનગર.
(બ) શાખા સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પસંદગી ફાઈલ.
:વાંચેલા:૩૧/૩